

વેકેશનનો માહોલ : વેકેશન આરંભાતા જ ક્રિકેટનો માહોલ જામતો જાય છે. શાળા - કૉલેજના વિદ્યાર્થીઓ શેરીમાં કે શહેરના મેદાનેમાં સવાર - સાંજ ક્રિકેટ રમતા જોવા મળે છે. આજકાલ શહેરના રામકથા મેદાનમાં મોટી સંખ્યામાં યુવાનો વહેલી સવારથી ક્રિકેટ જંગ ખેલતા હોય છે. સામુહિક જીવનના પાઠ શીખવતી તથા ખેલદિલીના ગુણો વિકસાવતી ક્રિકેટની રમત જીવન ઘડતર માટે પણ જરૂરી છે.

# આજે ધોરણ-૧૦નું પરિણામ

## જિલ્લાનાં ૩૧ હજાર વિદ્યાર્થીઓનું ભાવિ ઘડાશે : બોર્ડની વેબસાઇટ પર સવારે ૮ કલાકે પરિણામ જાહેર થશે : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા

ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ -૧૦ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૩૧ હજાર વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી. પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતાના માહોલ જોવા મળી રહયો છે. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોતા હતા ત્યારે રીઝલ્ટની તારીખ જાહેર થયા બાદ પરીક્ષાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતા બેવડાઇ છે.

ગત માર્ચમાં લેવાયેલી ધોરણ -૧૦અને ૧૨ ની પરીક્ષા લેવામાં આવી હતી જયારે પરીક્ષાના અંતે વેકેશનની મજા માંણ્યા બાદ છેલ્લા ઘણાં સમયથી વિદ્યાર્થીઓ અને વાલીઓની નજર પરિણામ તરફ મંડરાઇ હતી. બાર્ડ પરીક્ષાના અંતે પરિણામ સંદર્ભે તબક્કાવાર શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. અગાઉ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર થયા બાદ ધોરણ ૧૦ના રીઝલ્ટની ઉત્સુકતાથી રાહ જોવાઇ રહી છે. જયારે ધોરણ ૧૦નુ પરિણામ તા ૨૯ મેંના રોજ જાહેર કરવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવશે. રાજયમાંથી લાખો વિદ્યાર્થીઓએ ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે પરિણામનુ કાઉન્ટ ડાઉન શરૂ થતા વિદ્યાર્થીઓ પરિણામ જાણવા માટે વધુ આતુર બન્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા વેબસાઇટ પર સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી. ધોરણ -૧૦ના પરિણામ બાદ વિદ્યાર્થીઓએ આગળની શૈક્ષણિક કારર્કીદી માટે કઇ ફેકલ્ટીમાં અભ્યાસ કરવો તેનો નિર્ણય લેવાનો હોય છે. જેના લીધે પરિણામની ટકાવારી અને પ્રવેશ પ્રક્રીયા પણ મહત્વની બને છે. જેના પરિણામે વાલીઓની મીટ પણ વિશેષ રીતે પરિણામ તરફ મંડરાઇ છે.

# ડૉકટર એન્જિનિયર બનવાની હોંશમાં શાળાકીય શિક્ષણ પ્રત્યેનો અભિગમ બદલાયો

**નીટ અને જેઇઇ માટેની તૈયારી મુખ્ય બનતા નામાંકિત શાળાઓમાં પ્રવેશ લેવા માટેનો ક્રેઝ ઓસરાયો**

ગાંધીનગર તા ૨૮

સમયના બદલાતા પ્રવાહ સાથે દરેક ક્ષેત્રે સ્પર્ધાત્મક અભિગમ વધુ મજબુત બન્યો છે. જયારે શિક્ષણ પધ્ધતિ પણ અપગ્રેડ થવાની સાથે સતત સ્પર્ધાત્મક બનતી શિક્ષણ પ્રણાલીના લીધે શિક્ષણ પણ હાઈટેક બન્યુ છે.બીજીતરફ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ માટેના માપદંડો અને પધ્ધતિ બદલાતા શાળાકીય શિક્ષણના બદલે અન્ય પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ ખરા પુરવાર થવાનો વારો આવ્યો છે. નીટ અને જે ઈ ઈ ની કસોટીના આધારે પ્રવેશ કાર્યવાહી અસ્તિત્વમાં આવતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ધોરણ -૧૦ બાદ નામાંકિત શાળાઓમાં પ્રવેશ મેળવવાની ચાહના ચિત્રમાં જ નથી. જેના બદલે હવે વિદ્યાર્થીઓ અને વાલીઓની મીટ ખાનગી કલાસીસ તરફ મંડરાઈ છે. તબીબ કે એન્જિનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ માટે નીટ અને જે ઈ ઈ જેવી પરિક્ષા નિર્ણાયક બનતા સમાજમાં શાળાના શિક્ષણ માટેનો અભિગમ પણ બદલાયો છે. આ ખાનગી વર્ગોમાં આ પરીક્ષાની તૈયારી મુખ્ય રહેતા બોર્ડ પરિક્ષાર્થીઓ માટે શાળાઓમાં માત્ર પ્રવેશ મેળવવાનુ અનિવાર્ય હોવા પુરતુ જ મહત્વનુ બની રહયુ છે. ડોકટર અને એન્જિનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ નીટ અને જે ઈ ઈ ના ખાનગી કલાસીસ તરફ ફોક્સ કરીને બેઠા છે.

● અનુસંધાન પાના - ૭ પર

# આખરે ગાંધીનગર જિલ્લો 'નિર્મળ જિલ્લો'

## ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે જિલ્લામાં ૩ વર્ષમાં ૭૫,૦૦૦થી વધુ મકાનોમાં શૌચાલયોની સુવિધા ઉભી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

સ્વચ્છતા મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લાને ત્રણ વર્ષના અથાક પરિશ્રમને અંતે તાજેતરમાં નિર્મળ જિલ્લો જાહેર કરવામાં આવેલ છે.

૨૦૧૨ના બેઝલાઈન સર્વે મુજબ જિલ્લામાં ૭૫ હજારથી પણ વધુ મકાનોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ન હતી. આ સર્વેના તારણો પછી તંત્રને મળેલા લક્ષ્યાંક મુજબ કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ દરેક વર્ષમાં સ્પીલ ઓવર વર્ક વધતા જતા હતા. ૨૦૧૪માં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળ્યા બાદ સ્વચ્છતા મિશનને મળેલ નવા વેગને લઈ જિલ્લાએ દિન-રાત જોયા વગર આ કામગીરીને મિશન મોડ પર હાથ ધરી હતી.

તત્કાલીન ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગન, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, વર્તમાન નિયામક બ્રહ્મભટ્ટ તેમજ કોર્ડીનેટર મહેન્દ્રસિંહ ચાવડાની મહેનત રંગ લાવી. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા નિર્મળ જિલ્લા તરીકે જિલ્લાને ઘોષિત કરવામાં આવેલ છે.

૭૫ હજારથી વધુ શૌચાલયો બનાવતાં જ જિલ્લાના ૩૦૨ ગામો જાહેર શૌચક્રિયા મુક્ત બન્યા છે. જિલ્લામાં આ મિશનને સફળ બનાવવા માટે ૩૫ થી પણ વધુ લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરવામાં આવી હતી. વાયબ્રન્ટ વખતે જિલ્લાના બે તાલુકા નિર્મળ થયા હતા આ પછી હવે જિલ્લાના ચારેય તાલુકા નિર્મળ બની ગયા છે. જિલ્લામાં શૌચાલયની સુવિધા ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે હવે દરેક ઘરે ઉપલબ્ધ બની છે. હવે જાહેર શૌચાલયો પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

વિગતો મુજબ હવે ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહીની જોગવાઈ કરવાની દિશામાં પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે આ વિચારણા હાલ પ્રારંભિક તબક્કામાં હોવાનુ સૂત્રો સ્વિકારી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ઉકરડાઓ પણ ગામની બહાર ખસેડવામાં તંત્રને સફળતા મળી છે.

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે સરપંચ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારે અમલી બનાવેલ 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના'ના ૫૮૦૦ લાભાર્થી ગામોના સરપંચો, પંચાયતના સભ્યો અને ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓનું રાજ્યકક્ષાનુ સંમેલન ૩૦મી મે ના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાશે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં યોજાનાર આ સંમેલનને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શનિ-રવિની રજા દરમ્યાન પણ માર્ગ-મકાન વિભાગની કચેરીઓ આ તૈયારીઓ માટે કાર્યરત રહી હતી.

૨૦૧૬-૧૭માં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની ઘોષણા

● અનુસંધાન પાના - ૭ પર

# કર્ણાટકનું નાણાંપંચ ગુજરાતમાં

આજથી કર્ણાટકનું ચોથુ નાણાંપંચ રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે આવી રહેલ છે. પંચાયતીરાજ વ્યવસ્થાપનને સુદૃઢ બનાવવા માટે અભ્યાસાર્થે આ પંચ આવી રહ્યું છે. પંચના ચેરમેન ઉપરાંત તેના સભ્ય સચિવ સહિત ચારથી વધુ સભ્યો આવી રહ્યાં છે.


આ પંચ ૨૯મીએ અમદાવાદ આવી પહોંચશે. આ પછી ૩૦મીએ ગાંધીનગર ખાતે પંચાયત વિભાગ તેમજ સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો કરશે. ખાસ કરીને કરમાળખા અંગે તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ માટે ફાળવવામાં આવતી રકમો સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

તેઓ આ દિવસે મહાત્મા મંદિર ખાતે દાંડીકુટિરની પણ મુલાકાત લે તેવી સંભાવનાઓ છે. આ ઉપરાંત તેઓ ૩૧મીએ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે બેઠકો કરશે તેમ મનાઈ રહ્યું છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com